## જન્મદિને વધામણી



વસંતીબેન જી પરમાર
(૨૪-૮-૧૯૫૧) મો. ૯૨૨૮૮ ૮૨૩૧૦




જ્યોત્સનાબેન ઝવેરી
નિવૃત્ત ભાષા નિયામક
(૨૪-૮-૨૦૦૬) મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩



મિહીર એચ કડીયા
(૨૪-૮-૨૦૦૬) મો. ૯૩૭૭૩ ૩૪૫૪૫



મધુકર એફ પરમાર
પ્રમુખ, વણકર સમાજ (૨૪-૮-૧૯૪૩)
ફોન : ૨૩૨૨૩૨૦૬, મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



રાજેન્દ્રભાઈ એન મુન્શી
(૨૪-૮-૧૯૪૭) ફોન : ૨૩૨૨૩૬૮૯

# ઉપરવાળાએ તો પોઝિટિવિટી આપી છે પરંતુ નૅગેટિવિટી આપણે ઉભી કરી છે




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૩

ઉપરવાળાએ તો આપણને પોઝિટિવિટી આપી છે, પરંતુ નૅગેટિવિટી આપણે ઊભી કરી છે. ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદીએ આજે સર્કીટ હાઉસ કૉન્ફરન્સ હૉલ ખાતે આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુક્ત ઉપક્રમે આયોજિત સૅમિનાર 'પોઝિટિવ યુઝ ઑફ સોશિયલ મીડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સૅમિનારમાં ઉપસ્થિત યુવક-યુવતિઓને સંબોધતાં પુલકભાઈએ જણાવ્યું હતું કે 'આગ અને તાપણું એ બંનેમાં 'આગ' એ કૉમન બાબત છે, પરંતુ આગ દઝાડે છે, જ્યારે તાપણું હૂંફ આપે છે. સોશિયલ મીડિયા દ્વારા થતી સંચારની પ્રક્રિયા પણ હૂંફ આપે એવી હોવી જોઈએ.'

સોશિયલ મીડિયાના છેલ્લા દસ વર્ષમાં થયેલા વ્યાપની આંકડા સહિતની માહિતી તેમણે આપી હતી અને સાથે-સાથે સોશિયલ મીડિયા આટલું સફળ કેમ છે તે અંગેનાં સચોટ તારણો પણ રજૂ કર્યા હતાં. બીજા બધા ભેદભાવ ભૂલી તેમણે 'સરકારની વિવિધ યોજનાઓ અને કામગીરી'ની વિગતો છ માસ સુધી સોશિયલ મીડિયા પર મૂકવા યુવાનોને ભારપૂર્વક ભલામણ કરી હતી અને જણાવ્યું હતું કે જો 'સરકાર દ્વારા થતા હકારાત્મક પ્રયત્નોનો પ્રસાર જનતા દ્વારા થાય તો જ એ પ્રયત્નો અસરકારક બની શકે તેમ છે.' આ સાથે તેમણે સોશિયલ મીડિયાના સશક્ત માધ્યમમાં ફેસબૂક ઍકાઉન્ટ તત્કાલ શરૂ કરવાની પણ ભલામણ યુવા વર્ગને કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે સૅમિનારના હેતુ અંગેની સ્પષ્ટતા તથા ઉપસ્થિત મહેમાનોનો પરિચય નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા આપવામાં આવ્યો હતો.

ગાંધીનગર મહાનગર-પાલિકાના ડૅપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે યુવા વર્ગને સંબોધતાં જણાવ્યું હતું કે, 'આજે દેશમાં યુવા પ્રવૃત્તિઓ ખૂબ ચાલે છે, સોશિયલ મીડિયા દ્વારા એનો યોગ્ય પ્રસાર થવો જોઈએ. કેટલાય લોકો નામની પરવા રાખ્યા વિના અનેક પ્રકારનાં કલ્યાણકાર્યો કરે છે. આવી બધી બાબતો જાણવી જોઈએ અને એનો પ્રસાર સમાજ સુધી કરવો જોઈએ, એનાથી અન્યોને પણ આમ કરવાની પ્રેરણા મળશે અને સરવાળે સમાજમાં સારાં કાર્યો વધશે.'

ગુજરાત પ્રદેશ ભાજપનાં આઈટી સૅલ કન્વીનર રાજીકા કચીરિયાએ સોશિયલ મીડિયાની હકારાત્મકતા ઉપર ભાર મૂકતાં 'કચરો નહીં, પણ જરૂરી માહિતી મોકલવા' તથા સરકાર દ્વારા થતાં કાર્યો, યોજનાઓની સચોટ માહિતી મૂકવા યુવા વર્ગને ભલામણ કરી હતી તથા કોઈપણ માહિતીનો પ્રસાર કરતા પહેલાં તેની પૂરી ચકાસણી-ખરાઈ કરવાની શીખ પણ આપી હતી.

માહિતી ખાતાના કર્મચારી પલકબેન દ્વારા સોશિયલ મીડિયા અંગે અને હરિકૃષ્ણ ગોહિલ દ્વારા માહિતી ખાતાની વેબસાઈટ વિશે માહિતી પાવરપૉઈન્ટ પ્રેઝન્ટેશન સાથે તથા સોશિયલ મીડિયાના ડૅપ્યુટી ડિરેક્ટર મુકુંદ પટેલ દ્વારા સૅમિનારમાં ચર્ચાયેલી બાબતોનો ટૂંકસાર રજૂ કરવામાં આવ્યો હતો.નહેરુ યુવા કેન્દ્રના નિતેષ પટેલ દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ૭ જિલ્લાઓના ૬૦થી વધુ યુવક-યુવતિઓ સમેત પૂર્વ સનદી અધિકારી આઈ એ વૉરા, યુવા અગ્રણી સંજીવ મહેતા, ઉદ્ગમ સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી મયુર જોશી તથા નગરના સિનિયર નાટ્યકાર, મીડિયા ઍક્ટીવિસ્ટ કુંતલ નિમાવત ઉપસ્થિત રહ્યા હતા.

## તો શું અમે નિષ્ફળ રહ્યા છીએ ?

માહિતી ખાતાના યુવા આઈટી કર્મચારી પલકબેન દ્વારા પોતાના વક્તવ્ય દરમ્યાન 'કેટલા સરકારી વિભાગોની વેબસાઈટ કાર્યરત છે?' એવો સવાલ પૂછવામાં આવતાં સભાગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આથી પુલકભાઈ ત્રિવેદીએ નિખાલસપણે એવું ઉચ્ચારણ કર્યું હતું કે આ જોઈને તો એમ લાગે છે કે 'અમે સાવ નિષ્ફળ ગયા છીએ.' અલબત્ત, નગરના મીડિયામેન કુંતલ નિમાવતે એમના પ્રયાસો અને સૅમિનારના સમગ્ર આયોજનની પ્રશસ્તિ કરતાં યુવા વર્ગને જણાવ્યું હતું કે આ સૅમિનારમાંથી આ જ શીખવાનું છે : ઉપલબ્ધ તો બધું જ છે સોશિયલ મીડિયા ઉપર, શું જરૂરી છે અને શું જરૂરી નથી ? એ પારખવાની જરૂર છે.




નાયર વૅલ્ફૅર ઍન્ડ કલ્ચરલ ઍસોસિએશન, અમદાવાદ દ્વારા રવિવારે સવારે સૅક્ટર-૭માં સ્થિત સરકારી કમ્યુનિટી હૉલ ખાતે એક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત સમાજના કલાકારો દ્વારા મનોહર સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સમાજનો કોઈપણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહી જાય એ અમારું લક્ષ્ય છે



## કડી સર્વ વિશ્વવિદ્યાલ, ગાંધીનગર ખાતે ચાલી રહેલા પત્રકારત્વ કોર્સના વિદ્યાર્થીઓએ સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ સાથે મુલાકાત કરી

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલ, ગાંધીનગર ખાતે ચાલી રહેલા પત્રકારત્વ કોર્સના વિદ્યાર્થીઓએ સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી.

વિદ્યાર્થીઓએ ચૅરમૅનને સંસ્થા વિશે, સંસ્થાના ઈતિહાસ વિશે, વ્યાપ વિશે તથા સંસ્થામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે અને ભાવિ આયોજનો વિશે સવાલો પૂછ્યા હતા.

ચૅરમૅન દ્વારા વિદ્યાર્થીઓએ પૂછેલા સવાલોના ઉત્તરો સહિત સંસ્થા દ્વારા ચાલતાં સેવાકાર્યો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. 'સંસ્થા કોઈ વ્યાવસાયિક હેતુ માટે નથી ચાલતી, પરંતુ તે લોકો માટે ચાલે છે. કર ભલા, હોગા ભલાના સિદ્ધાંત પર તે ચાલે છે અને તેનું લક્ષ્ય છે કે સમાજનો કોઈપણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહી જાય.' ચૅરમૅનનું આ નિવેદન વિદ્યાર્થીઓને પ્રભાવિત કરી ગયું હતું.

આજે ભલે પત્રકારત્વ એ સંપૂર્ણ વ્યાવસાયિક ક્ષેત્ર બની ગયું હોય, પરંતુ હકીકતે પત્રકારત્વનો વ્યવસાય એ સેવાનો વ્યવસાય છે, એમ જણાવી ચૅરમેન દ્વારા વિદ્યાર્થીઓને આ વ્યવસાય સેવાના હેતુ સાથે અપનાવવાની ભલામણ કરવામાં આવી હતી. વાણી અને કલમમાંથી નીકળેલા શબ્દોને પાછા વાળી શકાતા નથી તેથી પત્રકાર તરીકે શબ્દોનો ઉપયોગ સમજી-વિચારીને કરવા તથા કલમની તાકાતને પિછાણી તેનો સમાજના હિતમાં ઉપયોગ કરવા તેમણે પત્રકારત્વના વિદ્યાર્થીઓને શીખ આપી હતી.

પત્રકારત્વના વિદ્યાર્થીઓએ ચૅરમેન વલ્લભભાઈ પટેલને સ્મૃતિ-ચિહ્ન તરીકે બે પુસ્તકો અને એક કૉમ્પૅક્ટ ડિસ્ક ભેટમાં આપી હતી.



ગાંધીનગરનાં સર્જનાત્મક નાગરિકો પૈકી મહિલાઓના એક જૂથે હોમ મેડ ચૉકલેટ્સનું પ્રદર્શન સહ વેચાણ સૅક્ટર-૪ ખાતે રવિવારે યોજ્યું હતું. કૅમિકલ, સૅક્રિન કે કૃત્રિમ રંગ રહિત આ ચૉકલેટ્સ અલગ-અલગ સ્વાદમાં તૈયાર કરવામાં આવી હતી. સ્વાભાવિક રીતે જ ચૉકલેટ વિષયના આ પ્રદર્શનને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વૅલ
૬.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨**
ઑલ ઈઝ વૅલ
૧૨.૪૫, ૩.૩૦
માંઝી
૭.૦૦
બ્રધર્સ
૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
ફેન્ટાસ્ટીક ફોર (અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
દૃશ્યમ
૧.૦૦, ૧૦.૦૦
માંઝી
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૩.૪૫
**સ્ક્રીન-૫**
ઑલ ઈઝ વૅલ
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૧૨.૩૦, ૬.૪૫
માંઝી
૪.૦૦, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વૅલ
સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
માંઝી : ધ માઉન્ટેન મૅન
સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦
**સ્ક્રીન-૩**
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
સવારે ૯.૪૫
બજરંગી ભાઈજાન
૧૨.૦૦
દૃશ્યમ
૩.૧૦, ૯.૫૦
બાહુબલિ
૬.૩૦
**સ્ક્રીન-૪**
બ્રધર્સ
૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
૧૨.૪૫, ૭.૧૫

# કૈકૈયી : નોખી કથાનું અનોખું નાટક


## નવલકથાલેખક દોલત ભટ્ટ - દિગ્દર્શક રાજુ બારોટને અભિનંદન

તાજેતરમાં અમદાવાદમાં જે નાટક માણવાનો અવસર સાંપડ્યો એ હતું એક નોખા કથાનકનો અનોખો નાટ્યપ્રયોગ : કૈકેયી.

કૈકેયી એટલે 'અમદાવાદ થિયેટર પીપલ્સ' દ્વારા પ્રસ્તુત જુદી જ વાતનું, જુદી જ ભાતનું પ્રારંભથી અંત સુધી પ્રેક્ષકોને સતત જકડી રાખતું નાટક.

આપણા સમર્થ લોકસાહિત્યકાર, સંશોધક, નવલકથાકાર શ્રી દોલતભાઈ ભટ્ટની એક સરસ-અલગ વિચારધારાવાળી પ્રસિધ્ધ નવલકથા 'કૈકેયી'ને કુશળ દિગ્દર્શક શ્રી રાજુ બારોટ દ્વારા અપાયેલ નાટ્યરૂપ એટલે 'કૈકેયી.'

કૈકેયી એટલે રામાયણનું ખલનાયિકા તરીકે વગોવાયેલું પાત્ર. કૈકેયી એટલે શ્રી રામના રાજ્યાભિષેકના આનંદોત્સવ અવસરે જ રાજા દશરથ પાસે 'રામને ચૌદ વર્ષ વનવાસ' અને 'મારા ભરતના રાજગાદી' એવાં બે વચનો માગતા સર્જાયેલ રામાયણનું નૅગેટીવ કૅરેક્ટર... જનમાનસ સામાન્ય રીતે કૈકેયીને આ રીતે જાણે છે, પિછાણે છે પરંતુ શ્રી દોલતભાઈભટ્ટે એમની નવલકથા દ્વારા કૈકેયીનું એક ચતુર, વિલક્ષણ, કુશળ રાજનીતિજ્ઞ અને પ્રખર રાષ્ટ્રહિતવાદી, યુગદ્રષ્ટા નારી તરીકે ગૌરવગાન કર્યું છે. કૈકેયીએ માગેલા બે વચનો પાછળની તેની દૂરદર્શિતા, પોતે કલંકિત ઠરશે, લોકનજરમાંથી ઉતરી જશે, રામના વનવાસનો આઘાત ન જીરવાતાં મહારાજ દશરથ મૃત્યુ પામતાં પોતે વિધવા થશે એ બધું જાણવા છતાં સમગ્ર આર્યાવ્રતને બચાવી લેવાની કૈકેયીની ભાવના દેશભક્તિ, મહાનતાનો રામાયણના પ્રસ્તુત પાત્રની પોઝિટિવિટીનો સુંદર પરિચય દોલતબાપાએ એમની આ સફળ નવલકથામાં કરાવ્યો છે.



અને આ નવી જ વાતને જુદા જ દૃષ્ટિકોણને નાટકના માધ્યમથી જનસમૂહ સુધી પહોંચાડવા માટે, હંમેશા કંઈક અલગ જ કરવાની નેમ સાથે રંગભૂમિને સમર્પિત, કમિટેડ, ગુજરાતી રંગભૂમિના સિદ્ધહસ્ત દિગ્દર્શક, કલાકાર ભાઈ રાજુ બારોટે નાટ્યદેહ આપી કુશળ માવજત દ્વારા સ્ટેજ ઉપર કૈકેયીને જીવંત બનાવી છે એ એમની સફળતા છે.

સંખ્યાબંધ પાત્રાવલિ અને અનેક પ્રસંગોવાળી નવલકથામાંથી કૈકેયી ઉપર જ ફોકસ થાય અને આ પ્રવાહ અસ્ખલિત વહેતો રહે તેટલાં જ પાત્રો-પ્રસંગોને ચૂંટીને કરાયેલું નાટ્યલેખન કાબિલે દાદ છે તો સૂત્રધારના દુહા-છંદગાનના માધ્યમથી કથાનકને આગળ વધારવાની જૂની ટૅકનીકનો ઉપયોગ, ભારેખમ સૅટીંગ્સની ભરમાર વિના, લેવલ્સ-પ્રસંગાત્મક ચિત્રોની ગોઠવણી થકી દૃશ્ય મુજબ વાતાવરણ ખડું કરવાના પ્રયાસમાં ડિરેક્ટર, સૅટ ડિઝાઈનરની કુશળતા જોવા મળે છે. (અલબત્ત, વારંવાર દૃશ્ય પરિવર્તન માટે કરાતી ફેરબદલી ઘણા પ્રેક્ષકોને રસક્ષતિ કરનારી પણ લાગી!)

દાનવો સામેના યુધ્ધમાં, રણભૂમિ પર મહારાજા દશરથ સામે કૈકેયીની ઉપસ્થિતિ, રથ હંકારતો સારથિ-રથમાં ઊભા રહી બાણ ચલાવી દુશ્મનોને સંહારમાં દશરથ-કૈકયી અને રથના પૈડાની ધરી તૂટતાં તેમાં પોતાનું કાંડું ભરાવી દઈ, રથને પડી જતો બચાવી લઈ યુધ્ધમાં દશરથ રાજાને સફળતા અપાવવામાં અણીના સમયે હિંમત-ધૈર્ય ને બુદ્ધિચાતુર્ય દાખવતાં કૈકેયી - સંવાદ વિનાના આ પ્રથમ દૃશ્યને ઍક્શન-કંપોઝીશન્સ-લાઈટ ઈફૅક્ટ્સથી સુપેરે પ્રસ્તુત કરીને ડિરેક્ટર પ્રેક્ષકોને જકડી લેવામાં કામિયાબ રહે છે.

અને પછી ભજવાતાં જતાં દૃશ્યો-કૈકેયીના અમાત્ય સુમંત્રજી સાથેના વાર્તાલાપો, ભરત-કૈકેયી સંવાદ, માલ્યવાનની પુત્રી કૈકેયીને વિશ્વાઋષિ સાથે પરણાવવાની




વ્યૂહરચના, પંચવટીમાં રામ-કૈકેયી મિલન, ભરત-સુમંત્રજી વાર્તાલાપ, માલ્યવાનની રાવણને શાસ્ત્રો છોડી શસ્ત્રો ઊઠાવવાની સલાહ, શૂર્પણખાને માયાવીરૂપ ધારણ કરી રામ-લક્ષ્મણને ચલિ કરવાની બાજી ગોઠવતો માલ્યવાન, પક્ષીરાજ જટાયુની મદદથી વનવાસી રામ-લક્ષ્મણ-સીતાની ગતિવિધિ અને લંકાના રાજા રાવણની રાજકીય હિલચાલના અહેવાલ મેળવતી કૈકેયી - બધાં જ દૃશ્યો ક્રમશઃ કૈકેયીની દીર્ઘદૃષ્ટિ, એનું રાજકીય કૌશલ્ય અને સમગ્ર આર્યાવ્રતનું રક્ષણની, કલ્યાણની, સુખ-શાંતિની તેની ચિંતા અને તે માટે પ્રયાસોને અને એ રીતે કૈકેયીની ગરિમાને, એના પોઝિટિવ કૅરેક્ટરને પ્રસ્તુત કરે છે.



શ્રી રાજુ બારોટનું સુંદર દિગ્દર્શન, બહેન અર્પિતા ઢગતનું કોશ્ચ્યુમ ડિઝાઈનીંગ, કબીર ઠાકોરનું સજેસ્ટીવ સૅટ ડિઝાઈનીંગ, દશરથના પાત્રમાં કમલ જોશી, માલ્યવાન તરીકે રાજુ બારોટ, સુમંત્રજી તરીકે ઈકબાલ પટેલ, રામની ભૂમિકામાં વૈશાખ રાઠોડ અને ભરતના રોલમાં ધ્રુવ પંડિત તથા શૂર્પણખાની નાનકડી છતાં મહત્ત્વની ભૂમિકામાં દિપ્તી જોશી તેમજ પક્ષીરાજ જટાયુના રોલમાં ભાઈ પ્રિયંક ઉપાધ્યાય, સૂત્રધાર ઘનશ્યામ ગઢવી અને એબોવ ઑલ કૈકેયીના મુખ્ય પાત્રમાં વૈભવી ભટ્ટના પાત્રાનુરૂપ જાનદાર અભિનય તથા એવા જ સુંદર સંગીત અને પ્રકાશ આયોજનના સમન્વયથી કૈકેયી નાટક પ્રેક્ષણીય બન્યું છે.

નાટકના પ્રથમ અંકમાં, પ્રારંભે કોણ જાણે કેમ સૅટ ન થયેલાં-ઢીલાં જણાતાં વૈભવીબહેન ભટ્ટ ધીરે ધીરે પાત્ર ઉપર પકડ જમાવતાં બીજા અંકના દરેક દૃશ્યમાં અને અંતના કૈકયીના મનોમંથન અને લંકાવિજય પછી અયોધ્યા પરત આવેલા શ્રીરામ સાથેની મુલાકાતમાં પોતાનો રાણીધર્મ બજાવ્યાની વાત કરતાં શ્રી દોલત ભટ્ટના ચોટદાર, છટાદાર સંવાદોની પ્રભાવક અભિવ્યક્તિ થકી ભારે દાદ મેળવી જાય છે.


તા. ૨૦મીનો નાટ્ય શો પ્રથમ જ પ્રયોગ હતો એટલે તેની કેટલીક કચાશ પછીના પ્રયોગોમાં અવશ્ય સુધરી જશે અને કેટલાંક મૉનોટૉનસ લાગતાં મૂવમૅન્ટ, કંપોઝીશન્સમાં પણ કરેક્શન કરાશે એ નીવડેલા દિગ્દર્શક-કલાકારો પાસે અપેક્ષિત છે.

લેખક દોલત ભટ્ટ અને દિગ્દર્શક રાજુ બારોટની સાથે આવા કથાવસ્તુવાળા નાટકના મંચન માટે અમદાવાદ થિયેટર પીપલ્સ-રાજુભઆઈને આર્થિક સયા આપી પ્રોત્સાહિત કરવા બદલ આપણા કલાવારસાના જતન-સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ગઢવી અને સભ્ય સચિવ શ્રી બિપીન તલાટી પણ એટલા જ અભિનંદનના અધિકારી છે. હવે સારા નાટકને ઝીલવાની જવાબદારી કદરદાન-કલામર્મજ્ઞ પ્રેક્ષકોની છે.

# સંસ્કૃત ભાષા વિશ્વની સૌથી પ્રાચીન ભાષા છે

સંસ્કૃત ભારતની એક શાસ્ત્રીય ભાષા છે જે દુનિયાની સૌથી જુની ભાષાઓમાંની એક છે. સંસ્કૃતનું ઈન્ડો-યુરોપિયન ભાષા-પરિવારની ઈન્ડો-ઈરાનીયન શાખાની ઈન્ડો-આર્ય ઉપશાખામાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આધુનિક ભારતીય ભાષાઓ જેમકે ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી, ઉડિયા, બંગાળી, મરાઠી, સિંધી, પંજાબી, નેપાળી વગેરે આમાંથી જ ઉત્પન્ન થઈ છે. આ બધી ભાષાઓમાં યુરોપીય રોમન ભાષાનો પણ સમાવેશ થાય છે.

સમય સાથે આ ભાષા બોલવાનું ઓછું થતું ગયું અને તે શ્લોક, ધર્મગ્રંથો અને કર્મકાંડ પૂરતી જ મર્યાદિત રહી ગઈ.




હિન્દુ ધર્મના લગભગ બધા જ ધર્મગ્રંથો સંસ્કૃતમાં લખવામાં આવ્યા છે. આજે પણ હિન્દુ ધર્મમાં મોટાભાગના યજ્ઞ અને પૂજાઓ સંસ્કૃતમાં જ થાય છે. સંસ્કૃતનું પ્રાચીનતમ રૂપ વૈદિક સંસ્કૃત છે, જે હિન્દુ ધર્મના આદિ પુસ્તક વેદની ભાષા છે. વૈદિક સંસ્કૃત અને પ્રશિષ્ટ સંસ્કૃત વચ્ચે ઘણું અંતર છે. મોટાભાગના લોકો પાણિનીના અષ્ટાધ્યાયીને સંસ્કૃત કાવ્યની શરૂઆત માને છે. રામાયણ, મહાભારત અને પુરાણકાવ્યો સંસ્કૃતમાં લખવામાં આવ્યાં છે.

સંસ્કૃત ભારતી ગુજરાત દ્વારા સંસ્કૃત ભાષાનો વિશાળપાયે ફેલાવો થાય અને સમાજમાં લોકો સંસ્કૃત ભાષાનો વધુ ને વધુ ઉપયોગ કરે તે માટે સૅન્ટર ફૉર સંસ્કૃત વિકિપિડિયા કન્ટેન્ટ ડૅવલપમૅન્ટ ઈન ગુજરાતનો પ્રૉજેક્ટ હાથ ધરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ યોજના હેઠળ સંસ્કૃત ભાષાના વિદ્યાર્થીની કાર્યક્ષમતા વધતાં તેઓ સંસ્કૃત ભાષાને અન્ય ભાષામાં તરજુમો અથવા ટ્રાન્સલેસન અસરકારક રીતે કરી શકશે. તેમજ તેના દ્વારા રોજગારીની તકો ઉપલબ્ધ થઈ શકશે. આ સાંસ્કૃતિક વારસો વિકિપિડિયા પર ઉપલબ્ધ થતાં જ સમાજ તે અંગે માહિતગાર થશે અને સંસ્કૃત ભાષા વિષે લોકોમાં જાગૃતિ લાવી શકાશે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા અષાઢસ્ય પ્રથમ દિવસે ગુજરાત સંસ્કૃતોત્સવ કાર્યક્રમમાં વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત ભાષાના પંડિતોને રૂા. ૫૦ હજાર, શાલ અને સન્માનપત્ર અર્પણ કરવામાં આવે છે. ઉપરાંત સંસ્કૃત ભાષાના મૂર્ધન્ય સાહિત્યકારમે ગૌરવ પુરસ્કાર રૂપે રૂા. ૧ લાખ, શાલ અને સન્માનપત્ર અપાય છે. યુવા સાહિત્યકારને ગૌરવ પુરસ્કાર તરીકે રૂા. ૫૦ હજાર, શાલ અને સન્માનપત્ર અર્પણ કરવામાં આવે છે. આ પ્રસંગે સંસ્કૃત ભાષામાં 'ત્રિદલમ્' સાંસ્કૃતિક કાર્યક્રમ અને સંસ્કૃત રાસ-ગરબા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૧૯૬૯થી દર વર્ષે શ્રાવણ સુદ પુનમના દિવસને પણ સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસના ત્રણ દિવસ અગાઉ અને ત્રણ દિવસ પછી એમ સાત દિવસ સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.